Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-1, June 2019
Impact Factor: 4.081
www.researchguru.net

# જૂનાગઢનાં બૌદ્ધ કાલીન સ્થાપત્યો

ડો. ઝેનામાબીબી અમુમીયાં કાદરી
આસિ. પ્રોફેસર - ઇતિહાસ, મહાદેવ દેસાઇ ગ્રામસેવા સંકુલ- રાંધેજા. ગૂજરાત વિદ્યાપીઠ.
જિ.ગાંધીનગર – 382620
મો.નં- 9904673726 , 8141393046. zkadari@gmail.com

એબ્સટ્રેક;

ભારતમાં મૌર્યકાળમાં અશોકે બૌદ્ધધર્મનાં પ્રચારમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. ત્યારબાદ કનિષ્ક, હર્ષ વગેરે એ તેને વિકસાવવામાં નોંધપાત્ર ફાળો આપ્યો. ગુજરાતમાં ક્ષત્રપકાળ દરમ્યાન બૌદ્ધધર્મ વ્યાપક પ્રમાણમાં વિસ્તર્યો. સૌરાષ્ટ્રનાં જૂનાગઢ, ખંભાલિડા, બોરિયા, તળાજા વગેરે અનેક સ્થળોએથી બૌદ્ધ વિહારો અને ગુફાઓ મળી આવેલ છે. શામળાજી પાસે દેવની મોરી નામના સ્થળેથી વિશાળ ઈંટેરીસ્તૂપ અને વિહાર મળી આવ્યા છે. અનુમૈત્રકકાળ દરમ્યાન ગુજરાતમાંથી બૌદ્ધધર્મ ધીરે ધીરે લુપ્ત થવા લાગ્યો. ભારતનાં અન્ય પ્રદેશોની જેમ અહીં પણ જૈન ધર્મને રાજ્યાશ્રય મળતાં બૌદ્ધધર્મને મરણતોલ ફટકો પડયો. જૂનાગઢ જેવા પ્રાચીન વારસા ધરાવતા શહેરમાં બૌદ્ધ ધર્મને લગતી ગુફાઓ, વિહારો, સ્તૂપો વગેરે આવેલા હોવા છતાં સામાન્ય પ્રજા અને તંત્ર તેના તરફ ઉદાસીનતા બતાવી રહ્યુ હોય તેવુ લાગે છે.

કી વર્ડ્સ; વિહાર , સ્તુપો , ચૈત્યો, ધર્મ આજ્ઞાઓ, સંઘારામ

**પ્રસ્તાવના:-**

ભારતમાં બહુ ઓછા એવા શહેરો રહ્યા છે કે જેનો સિલસિલાબંધ હજાર બે હજાર વર્ષનો ઇતિહાસ પ્રાપ્ત થતો હોય. એમાનુ એક નગર જૂનાગઢ છે. આ નગરમાં સમ્રાટ અશોકથી માંડીને નવાબ મહાબતખાનજી ત્રીજા સુધીનાં રાજાઓનાં અવશેષો અને ઈતિહાસ જળવાયેલો રહ્યો છે. ગુજરાત રાજ્યનાં સૌરાષ્ટ્ર પ્રાંતમાં આવેલ જૂનાગઢનો છેલ્લા ૨૫૦૦ વર્ષનો કડીબદ્ધ, સળંગ એકસુત્રતા વાળો ઈતિહાસ પ્રાપ્ત થાય છે. જેનાં મહત્વનાં અવશેષો હજુ અડીખમ ઊભા છે. જેમાં ઉપરકોટ, ઈંટવા વિહાર, અશોક શિલાલેખ, બૌદ્ધ ગુફાઓ, બેરિયા સ્તૂપ વગેરે ગણાવી શકાય.

**ગુજરાતમાં બૌદ્ધ ધર્મનો વિકાસ.:-**

શ્રમણ સંપ્રદાયોમાં જૈન ધર્મની જેમ બૌદ્ધ ધર્મ પણ મહત્વનુ સ્થાન ધરાવે છે. બૌદ્ધ ધર્મનાં પ્રવર્તક ગૌતમ બુદ્ધ હતા. તેમણે ગૃહત્યાગ કરી જગતનાં કલ્યાણ માટેનું કાર્ય આરંભ્યુ. વારાણસી પાસેનાં સારનાથ માંથી તેમણે ધર્મચક્ર પ્રવર્તાવ્યુ. ધીરે ધીરે તેમનાં અનુયાયીઓની સંખ્યા વધવા લાગી. તેમની વિચારસરણી ભારતમાં 'બૌદ્ધધર્મ' તરીકે પ્રચલિત થઇ. આ સંપ્રદાયમાં શરૂઆતમાં મૂર્તિપૂજાને સ્થાન ન હતુ. પણ શતકો બાદ અન્ય ધર્મોની સામે ટકી રહેવા પાછળથી મૂર્તિપૂજા અપનાવવામાં આવી. આ સંપ્રદાયમાં પણ વિવિધ દેવ-દેવીઓની પૂજા અને વિધિ-વિધાનો પ્રચલિત છે.

ધીરે-ધીરે બૌદ્ધધર્મને રાજ્યાશ્રય મળવા લાગ્યો. મૌર્યકાળમાં અશોકે બૌદ્ધધર્મનાં પ્રચારમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. ત્યારબાદ કનિષ્ક, હર્ષ વગેરે એ તેને વિકસાવવામાં નોંધપાત્ર ફાળો આપ્યો. ગુજરાતમાં ક્ષત્રપકાળ દરમ્યાન બૌદ્ધધર્મ વ્યાપક પ્રમાણમાં વિસ્તર્યો. સૌરાષ્ટ્રનાં જૂનાગઢ, ખંભાલિડા, બોરિયા, તળાજા વગેરે અનેક સ્થળોએથી બૌદ્ધ વિહારો અને ગુફાઓ મળી આવેલ છે. શામળાજી પાસે દેવની મોરી નામના સ્થળેથી વિશાળ ઈંટેરીસ્તૂપ અને વિહાર મળી આવ્યા છે. જૂનાગઢ પાસે ઈંટવાનાં ખોદકામમાં ‘રુદ્રસેન વિહાર’ મળી આવ્યો છે. પ્રાચીન બૌદ્ધ સાહિત્યમાં ભૃગુકચ્છ અને સોપારકનો વારંવાર ઉલ્લેખ આવે છે. કદાચએ બૌદ્ધધર્મનાં મુખ્ય કેન્દ્રો હોય તેમ જણાય છે.

ગુજરાતમાં બૌદ્ધધર્મની નોંધ લેતા ચીની યાત્રી હ્યુ-એન-ત્સાંગ જણાવે છે કે, “ભરૂચમાં બૌદ્ધ સંઘારામ છે, જેમાં ત્રણ હજાર મહાયાનનાં અનુયાયીઓ અભ્યાસ કરે છે. કચ્છમાં દસ વિહારો હોવાનુ જણાવે છે. વડનગરમાં (આનંદપુર) દસ સંઘારામો હતા. સૌરાષ્ટ્રમાં પચાસ વિહારો હતા. વલભીમાં બૌદ્ધધર્મ વધારે પ્રચલિત હતો. વિખ્યાત બૌદ્ધ આચાર્યો સ્થિરમતિ અને ગુણમતિએ વલભી પાસેના વિહારમાં રહીને પોતાના પ્રસિદ્ધ ગ્રંથોની રચનાં કરી હતી. મૈત્રકોનાં તામ્રપત્રોમાં બૌદ્ધવિહારોને દાન આપ્યાનો ઉલ્લેખ છે.1વલભીએ બૌદ્ધવિદ્યાનું કેન્દ્ર હતુ. અનુમૈત્રકકાળ દરમ્યાન ગુજરાતમાંથી બૌદ્ધધર્મ ધીરે ધીરે લુપ્ત થવા લાગ્યો. ભારતનાં અન્ય પ્રદેશોની જેમ અહીં પણ જૈન ધર્મને રાજ્યાશ્રય મળતાં બૌદ્ધધર્મને મરણતોલ ફટકો પડયો..

આમ, ગુજરાતમાં બૌદ્ધધર્મનો પ્રચાર ઇ.સ. પૂર્વેથી શરૂ કરીને નવમાં દસમાં સૈકા સુધી હતો. આ સમય દરમ્યાન બંધાયેલા સ્તૂપો, વિહારો, ગુફાઓ વગેરેનાં અવશેષો ગુજરાતનાં વિવિધ સ્થળોએથી મળી આવે છે.

**<u>જૂનાગઢનાં બૌદ્ધકાલીન સ્થાપત્યો:-</u>**

ક્ષત્રપકાળનાં ઈમારતી અવશેષોમાં ગૂફા-વિહારો તથા ચૈત્ય ગૃહો ઉપરાંત ઈંટેરી વિહારો અને સ્તૂપ પણ ઉપલબ્ધ છે. આવા બે સ્તૂપો જૂનાગઢ માંથી મળી આવ્યા છે.2

**<u>બોરિયા સ્તૂપ :-</u>**

પ્રાચીનકાળમાં બુદ્ધ કે તેમનાં નોંધપાત્ર અનુયાયીઓનાં અવશેષો જેવાકે, વાળ, દાંત, અસ્થિ વગેરેને સાચવી રાખવા સ્મારકો રચાતાં આવા સ્મારકો ‘સ્તૂપ’ તરીકે ઓળખાતા.3 જૂનાગઢ શહેરથી દક્ષિણ-પૂર્વમાં સાત માઇલ તથા ગિરનાર દરવાજેથી દક્ષિણ તરફનાં ઢોળાવની દક્ષિણ-પૂર્વે આ સ્તૂપ છે. એની પૂર્વમાં બોરદેવીનું મંદિર છે. બોરના પુષ્કળ વૃક્ષો આ ખીણમાં આવેલા હોવાથી આ વિસ્તાર “બોરિયા-ખીણ” થી ઓળખાય છે. આ ઉપરથી મંદિરનું નામ “બોરદેવી” અને સ્તૂપનું નામ “બોરીયા-સ્તૂપ” પડયું હોવાનું કહેવાય છે.

જૂનાગઢનાં પૂરાતત્વવિદ અને ઈતિહાસકાર સ્વ. ભગવાનલાલ ઈન્દ્રજીને બોરદેવી ખાતે પ્રાચીનકાળના બૌદ્ધ અવશેષો હોવાની ભાળ મળી હતી અને તેમના પ્રયત્ન પછી જેમ્સ કેમ્પબેલે ઈ.સ. ૧૮૮૮માં ઉત્ખનન કર્યું અને આખો સ્તૂપ શોધી કાઢ્યો. જે સ્તૂપ ૧૮*૨૨*3 (ઈંચ)ના માપની લાલા ઈંટોનો બનાવેલો હતો. ઉત્ખનન સમયે તેની ઉંચાઈ લગભગ ૪૫ ફૂટની હતી. અહીં ૧૮૪*૨૦ ફૂટ વિસ્તારમાં ૩૯ ફૂટની ઉંચાઈએથી તેના અવશેષો મળ્યા હતા. જોકે આજે તો આ બધુ નાશ પામ્યું છે.4

સ્તૂપ માંથી પ્રાપ્ત ઈંટોના કદ તથા ભારતના અન્ય સમકાલીન સ્તૂપોનાં તુલનાત્મક અભ્યાસ ઉપરથી આ સ્તૂપ ઈસુની બીજી સદીનો હોવાનો સંભવ છે. સ્તૂપનાં મધ્યભાગ માંથી એક માટીનુ અસ્થિપાત્ર મળી આવ્યુ છે. આ પાત્રમાં પથ્થરનો દાબડો હતો, જેની અંદર તાંબાનો દાબડો, તાંબાના દાબડામાં ચાંદીનો અને તેની અંદર સોનાનો દાબડો હતો. જેમાં આંગળીના નખ જેવડા અસ્થિ સાચવી રાખવામાં આવેલ હતાં. આ ઉપરાંત એક ઝવેરાત માણેક, નીલમણી અને સફેદ નીલમણી પણ મળી આવ્યાં છે.

બોરિયા સ્તૂપથી આગળ બીજો એક સ્તૂપ મળ્યો છે જેને સ્થાનિક લોકો "બડી લાખામેળી" નામે ઓળખે છે. અહીંથી પ્રાપ્ય વસ્તુઓ જૂનાગઢ સંગ્રહાલયમાં (સક્કરબાગ) સુરક્ષિતપણે રાખવામાં આવી હતી. આ સ્તૂપની તસવીરો અને તેનું વર્ણન બેંગાલ એશિયાટીક સોસાયટીના જર્નલમાં ઈ.સ.૧૮૮૫માં છપાયેલો જોવા મળે છે.

<u>ઇંટવા વિહાર:-</u>

ઇંટવા વિહાર એ ગિરનાર તળેટીમાં રૂપાયતન વાળા રસ્તે એકાદ કિલોમીટર આગળ જતા આવે છે. આ સ્થળે ઇ.સ.પૂર્વે કોઇ બૌદ્ધ મઠ કે વિહાર હતો. ઇ.સ. ૧૯૪૯ માં આ ખંડરનુ ખોદકામ આચાર્ય ગિરજાશંકર વલ્લભજીએ કર્યુ. વિશ્વમાં પ્રાચીન સંસ્કૃતિ અને સભ્યતામાં ગૌરવ લઇ શકીએ એવા ભવ્ય પુરાતની અવશેષો હાથ લાગ્યા. અહીં ઈંટવાનાં ટેકરા ઉપર ઉત્ખનન કરતા ૨૦ * ૩૦ ની ફરસ ઉપરાંત ૧૦ * ૧૦ ફૂટનાં સાત અને ૨૬ * ૧૦ ફૂટનો એક એવા આઠ ઓરડાઓ મળ્યા હતા. ઓરડાની આગળ પાંચ ફૂટ પહોળી ઓસરી મળો હતી. ૭ * ૭ ફૂટની ત્રણ ઓરડીઓ મળી કે જેનો અહીંના લોકો પેશાબખાનાં તરીકે ઉપયોગ કરતા હશે. ૩૦ ફૂટ લાંબી ગટર પણ મળી આવી છે. આજે પણ આ વિસ્તારમાં લાલ રંગની સંખ્યા બંધ ઈંટો મળે છે. આથી જ તેને 'ઈંટવા' નામ આપવામાં આવ્યુ છે.

અહીંથી પકવેલી માટીનુ એક મુદ્રાંક મળી આવ્યુ છે. મુદ્રાંકનો વર્તુળનો વ્યાસ એક ઈંચનો છે. તેની મધ્યમાં ત્રિકુટ પર્વતની આકૃતિ છે. એના વૃતાકારે બ્રાહ્નિ લેખ છે. 'મહારાજ રુદ્રસેન વિહારે ભિક્ષુસંઘસ્ય' આ રુદ્રસેન એ મહાક્ષત્રપ રુદ્રસેન ૧લો હોવો જોઇએ અને આ વિહાર તેણે બૌદ્ધ ભિક્ષુસંઘ માટે બંધાવ્યો હોવાનુ સંભવ છે.5

આ ઉત્ખનન માંથી ૧૮ * ૧૨ * ૩ (ઈંચ) માપની લાલ રંગની ઈંટો મળી આવી છે. કોઈ કોઈ ઈંટમાં હરણ, સિંહ, અને નાના બાળકની છાપ દેખાતી હતી. તે બતાવે છે કે ઇ. સ. ના બીજા સૈકામાં ગિરનારમાં સિંહ હોવા જોઇએ. આ ઉપરાંત બે ચાંદીના સિક્કા, તાંબાના બહુ નાના સિક્કા, ગટરનાં ઢાંકણા, માટીના વાસણોનાં ટુકડા, કુંજા, નાળચા, સોનુ કસવાનો પથ્થર, સિંહની દાઢ, વજનીયા, ચટ્ટણી વાટવાનાં પથ્થર, અબરખનાં ટુકડા વગેરે મળ્યુ હતુ. આ બધી વસ્તુઓને જૂનાગઢ (સક્કરબાગ) મ્યુઝિયમમાં મોકલી દેવામાં આવી છે.

ઉત્ખનન થયા પછી પુરાતત્વખાતાનાં પ્રધાન બલવંતરાય મહેતા જૂનાગઢનાં તત્કાલીન કલેક્ટરશ્રી બનેસિંહજી ઝાલા વગેરે સ્થળ જાળવી રાખવા રૂ ૧૦૦૦ની મદદ સરકાર પાસે માંગી પણ તે યોગ્ય સમયસર ન મળતા ચોમાસામાં બધુજ પાછુ બૂરાઇ ગયુ. ચોમાસા પછી રૂ. ૧૦૦૦ નો ડ્રાફ્ટ આવતા તે પાછો મોકલી આપ્યો. તે સ્થળે માટી પુરાઇ ગઇ અને ઝાડી-ઝાંખરા ઊગી નિકળ્યા. હાલતો ત્યાં માત્ર પાયા જોવા મળે છે. અને પુરતત્વખાતાનુ મૂંગુ બોર્ડ ત્યાં ઊભુ છે.6

**બાવા પ્યારાની ગુફાઓ:-**

આ બૌદ્ધ ગુફાઓ છે પણ તેનુ નામ આ ગુફાની સામે આવેલા બાવા પ્યારેનાં મઠનાં સ્થાપક બાવા પ્યારેનાં નામથી ઓળખાવા માંડી. બાવા પ્યારા જૂનાગઢનાં દિવાન અમરજીનાં સમયમાં થઇ ગયા.

ઉપરકોટની પાછળ ત્રણ હારમાળામાં આ ગુફાઓ ખડકમાંથી કોતરી કાઢવામાં આવી છે. આ ગૂફાઓને ઈ.સ. પૂર્વે બીજી-ત્રીજી શતાબ્દીની માનવામાં આવે છે. આ ગુફાના મુખ્ય દ્વાર ઉપર લતા કે વેલની આકૃતિઓ કોતરેલી છે. આ ગુફાઓમાં ચૈત્ય નથી છતા તેના આકાર ઉપરથી એમ સ્પષ્ટ પણે જણાય છે કે આ ગુફામાં પ્રદક્ષિણા કરી શકાય તેવો સ્તૂપ હશે. આ ગુફાનો છેડો અર્ધ ગોળાકાર છે. બીજી ગુફાઓ ચોરસ અથવા લંબચોરસ છે. તેમા એક ચૈત્ય ગવાક્ષ સિવાય અલંકરણ નથી. ગવાક્ષો સાદા છે. તેના સ્તંભો પણ બહુ પુરાણી ગુફાઓમાં હોય છે તેવા છે. ગુફા ૨૦ ફુટ પહોળી છે અને ૨૬ ફુટ ઊંચી છે તેની આગળ પાંચ ફુટ પહોળુ દ્વાર છે.

આ ગુફાનાં મુખ ભાગ ઉપરનાં અર્ધ સ્તંભોમાં અને તોરણ ઉપરનાં નાગ દન્તો માં સિંહોની આકૃતિઓ હોવાથી તે બૌદ્ધોનુ ધર્મસ્થાન હોવાનુ પુરાતત્વવિદો માને છે. ઈ.સ. ૬૪૫ માં જૂનાગઢમાં આવેલા હ્યુ-એન-ત્સાંગે નોંધ્યુ છે કે અહીં ૫૦ જેટલા સંઘારામ છે અને તેમા ૩૦૦૦ ભિક્ષુઓ રહે છે.7 જો તે આજ ગુફાઓ હોય તો તેને છઠ્ઠી કે સાતમી સદીની ગણવી પડે.

જો કે આજે તો ગુફામાં એક દિવાલનાં પથ્થરમાં હનુમાનજી અને ભૂત ગંગારામ બતાવવમાં આવે છે. હનુમાનજી તો કોતરેલા અને સિંદુર લગાડેલા બતાડયા છે. જે કોતરકામ પછીથી થયુ હશે એમ લાગે છે.

**ખાપરા-કોડિયાની ગુફાઓ:-**

આ ગુફાઓ કાળા પથ્થરનાં એક મોટા પહાડ માંથી કોતરી કાઢવામાં આવી છે. આ ગુફામાં એક સ્તંભ સિવાય ક્યાંય કોઇપણ પ્રકારનુ શિલ્પકામ નથી. નિષ્ણાંતો તેનો સમય ઈ.સ. ની બીજી કે ત્રીજી સદીનો ગણે છે.

આ ગુફાઓ ૨૫૦ ફુટ લાંબી અને ૮૦ ફુટ પહોળી છે. ૧૬ થાંભલાઓ ગુફાના આધાર સ્તંભ બની રહ્યા છે. દરેક ગુફામાં બેસવાનાં ઓટલા છે. ગુફાનાં પશ્ચિમ ભાગમાં એક ખંડ છે એની મધ્યમાં કુંડ છે. કુંડમાં ઉતરવા માટે પગથિયા છે. આ ગુફાઓમાં ઘણી જગ્યાએ શંખ લિપિમાં અક્ષરો કોતરેલા હોવાનુ વિદ્વાનો જણાવે છે. ગુફાનુ મુખ્ય પ્રવેશ દ્વાર દક્ષિણ દિશામાં છે. આ ગુફા એક જ માળની છે. બીજો માળ હોવાની સંભાવનાં આગળનાં પીલર ઉપરથી લાગે છે.8

આ ગુફાઓ નાજુબીબીનાં મકબરાની બાજુમાં પૂર્વમાં આવેલી છે. હાલ કેન્દ્ર સરકારનાં પુરાતત્વખાતા દ્વારા રક્ષિત છે. સૌ પ્રથમ ઈ.સ. ૧૮૨૨ માં કર્નલ ટોડ જૂનાગઢ આવ્યો ત્યારે તેણે આ ગુફાઓ જોઇ હતી. ત્યારે તે 'ખેંગાર મહેલ' નાં નામથી ઓળખાતી હતી.9 'ખાપરા-કોડિયા' નામ ઇ.સ. ૧૮૨૨ પછી મળ્યુ હોવાનુ સંભવ છે. જેમ્સ બર્જેસ પણ 'ખેંગાર મહેલ' તરીકે જ તેને ઓળખાવે છે.

ખાપરા-કોડિયો એ પ્રસિદ્ધ ચોર કે લૂંટારો હતો. તેના વિષે ઘણી દંતકથાઓ કાઠિયાવાડમાં પ્રસિદ્ધ છે. તે કદાચ આ ગુફાઓનો ઉપયોગ આશ્રય મેળવવા કે લૂંટેલુ ધન

સંતાડવા કરતા હશે. ખાપરા અને કોડિયા બંને અલગ હતા અને ક્યારે થયા તેના વિષે કોઈ ચોક્કસ માહિતી મળતી નથી પરંતુ આજે આ બૌદ્ધગુફાઓ સાથે તેમનુ નામ જોડાઇ ગયુ છે.

જૂનાગઢ રાજ્યનાં પુરાતત્વ ખાતાએ ઇ.સ. ૧૯૩૬માં આ ગુફાઓ રૂ. ૭૩ ખર્ચી સરખી કરાવી હતી. આ ગુફાઓની પાછળ નવાબીકાળમાં પથ્થરોની ખાણ ખોદવામાં આવતા ગુફા સમુહનો દેખાવ બગડી ગયો છે. આજે તો આ ગુફાઓને ફરતે વરંડો વાળીને દરવાજો મૂકેલ છે. ગુફા જોવાની ટિકિટ રૂ. ૫ લેવામાં આવે છે. પરંતુ મોટે ભાગે આ અવાવરૂ સ્થળે પ્રવાસીઓ કે ચોકીદાર ભાગ્યેજ જોવા મળે છે.

**ઉપરકોટની બૌદ્ધ ગુફાઓ;-**

જૂનાગઢની ગુફાઓમાં સૌથી વધુ કલાત્મક અને ચડિયાતી તથા અલંકૃત સ્તંભોવાળી આ ગુફાઓ છે. ઉપરકોટનાં કિલ્લામાં આવેલી આ ગુફાઓ સ્થળનાં નામ ઉપર થી ‘ઉપરકોટ-ગુફા’ તરીકે ઓળખાય છે. ગુફાઓ બે માળ વાળી છે.10 આ ગુફાઓમાં કોઇ ધર્મનાં પ્રતિકો જોવા મળતા નથી. આ ગુફાઓ ઇસુની બીજી સદી થી ચોથી સદી સુધીમાં કંડારાઇ હોવાનુ માલૂમ પડે છે. ગુફાના ઉપયોગ વિષે પણ વિદ્વાનોમાં મતભેદ છે. કોઇ કહે છે કે, આ ગુફાઓ ભિક્ષુઓનાં વિહાર સ્થાન તરીકે ઉપયોગમાં લેવાતી હશે તો વળી કેટલાક તેને રંગભવન માને છે કારણ કે, આ ગુફાઓમાં વચ્ચે એક ચોક છે અને ફરતી બાજુ બેસવાનાં ઓટલા છે. તથા પશ્ચિમ બાજુની બે ગુફાઓ કલાકારો માટે વિશ્રામકક્ષ જેવી છે. તો બર્જેસ તેને પ્રમોદ ભવન ગણાવે છે. પહેલા મજલે એક ખુલ્લો કુંડ છે. જે કદાચ સ્નાનાગાર હશે.કુંડમાં ઉતરવા માટે પાંચ પાંચ પગથિયા છે. તેની ફરતે ઓસરી છે અને તેની બાજુમાં છ સ્તંભો વાળો કક્ષ છે. ઓસરીમાં ચૈત્ય ગવાક્ષ છે. નીચેનાં માળે પણ તે પ્રમાણે છે. સ્તંભો ઉપર સ્ત્રી – પુરુષોની આકૃતિઓ અને કુંભીઓ ઉપર પુષ્પો કંડારેલા છે. હાલ આ ગુફાઓ કેન્દ્ર સરકારનાં પુરાતત્વખાતા હસ્તક સચવાયેલી છે. ઇ.સ. ૧૯૫૮-૫૯ માં ભારતીય પુરા સર્વેક્ષણ સંસ્થાના પશ્ચિમ વિભાગનાં અધિકારીઓએ આ ગુફાનાં ટોચનાં ભાગની સાફસુફી કરી ૩ થી ૪ ફુટ જેટલુ પુરણ દુર કરેલુ જેથી આ ગુફાનાં અસલ દેખાવનો સાચો ખ્યાલ પ્રાપ્તથયો. આ ઉપરાંત રુદ્રસેનનાં સીસાનાં સિક્કા તથા રાતા ચકચકિત વાસણોનાં ઠીકરા મળી આવ્યા હતા.

**તારતમ્ય:-**

ઐતિહાસિક યુગની શરૂઆત મૌર્ય રાજવી અશોકનાં ગિરિનગરનાં શૈલ લેખથી થાય છે. ગુજરાતનાં ધર્મજીવનને વિકસાવવામાં અશોકની ધર્મ આજ્ઞાઓએ અગત્યનો ભાગ ભજવ્યો હતો. બૌદ્ધ ધર્મને વિકસાવવામાં તેનો ફાળો અગત્યનો છે. ગુજરાતમાં સહિષ્ણુતાનો જે ગુણ પડેલો છે તેનુ મૂળ અહીં શોધી શકાય. અનુમૈત્રક કાળ દરમ્યાન ગુજરાત માંથી બૌદ્ધ ધર્મ ધીરે ધીરે લુપ્ત થવા લાગ્યો ધીરે – ધીરે બૌદ્ધ સાધુઓ નેપાળ અને તિબેટનાં પ્રદેશોમાં ચાલ્યા ગયા. મહેસાણા જિલ્લામાં તારંગાની ટેકરી ઉપર એક ધારણ માતા નામે ઓળખાતા મંદિરમાં ‘વરદતારા’ અને અન્ય કેટલીક બૌદ્ધ પ્રતિમાઓ આવેલી છે. આ સિવાય આ સમયનાં અન્યકોઇ અવશેષો મળતા નથી. ડો. ભીમરાવ આંબેડકરની પ્રેરણાથી ગુજરાતમાં એમનાં અનુયાયીઓએ બૌદ્ધધર્મ અંગીકાર કરવા માંડ્યો છે.

જૂનાગઢ જેવા પ્રાચીન વારસા ધરાવતા શહેરમાં બૌદ્ધ ધર્મને લગતી ગુફાઓ, વિહારો, સ્તૂપો વગેરે આવેલા હોવા છતાં સામાન્ય પ્રજા અને તંત્ર તેના તરફ ઉદાસીનતા બતાવી રહ્યુ હોય તેવુ લાગે છે. જૂનાગઢ ઉપર તો અનેક સંશોધકોએ સંશોધનો કર્યા છે. આ મુદ્દા ઉપર નિબંધ લખવાનો આશય માત્ર ને માત્ર જૂનાગઢનાં બૌદ્ધ કાલીન સ્થાપત્યો પરથી જરાક ધૂળ ખંખેરવાનો રહ્યો છે. સરકારશ્રી દ્વારા આવા સ્થળની જાળવણી માટે યોગ્ય પગલા લેવાય અને પ્રજા પણ તેમાં સહકાર આપે તો જ આ મહમૂલા વારસાને જીવંત રાખી શકીશું.

**પાદનોંધ;-**

1) શાસ્ત્રી હરિપ્રસાદ ગં., "ગુજરતનો પ્રાચીન ઈતિહાસ",અમદાવાદ,ઇ.સ. ૧૯૭૩, બીજી આવૃતિ , પૃ-૧૧૫.

2) Executive Summary of MRP of Dr. D. P. Vala, Page no. 56

3) આચાર્ય નવીનચંદ્ર એ., "ગુજરાતનાં ધર્મસંપ્રદાય", અમદાવાદ , ઇ.સ. ૧૯૮૩, પ્રથમ આવૃતિ. પૃ -૧૨૬.

4) ખાચર પ્રદ્યુમ્ન ભ., વાળા ડી. પી.,"તસવીરોમાં જૂનાગઢ" રાજકોટ, ઈ.સ. ૨૦૧૧, પ્રથમ આવૃતિ, પૃ -૧૪૫.

5) જમીનદાર રસેશ, "ક્ષત્રપકાળનું ગુજરાત", અમદાવાદ, ઈ.સ. ૧૯૭૫, પ્રથમ આવૃતિ. પૃ -૧૯૭.

6) ખાચર પ્રદ્યુમ્ન ભ.,પ્રાચીન ભારતનાં વિદેશી યાત્રી; સણોસરા, ઈ.સ. ૨000, પ્રથમ આવૃતિ પૃ – ૪૫.

7) રૂબરૂ મુલાકાતને આધારે

8) દેસાઇ શંભુપ્રસાદ હ., "જૂનાગઢ અને ગિરનાર", રાજકોટ, બીજી આવૃતિ, ઇ.સ.1990, પૃ-૪૩૭.

9) ૬-૧૨-૧૯૩૨ ના રોજ 'પુરાતની સ્મરણ ચિન્હોના સંરક્ષણ નો ધારો' જૂનાગઢ નવાબ મહાબત ખાનજી ત્રીજાએ મંજૂર કર્યો હતો.

10) રૂબરૂ મુલાકાતને આધારે.